| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | : ૦૧/૦૧/૨૦૨૦ |
| રજીસ્ટર કર્યા તારીખ | : ૦૧/૦૧/૨૦૨૦ |
| નિકાલ કર્યા તારીખ | : ૨૩/૧૨/૨૦૨૧ |
| સમય અવધિ | : વર્ષ–માસ–દિવસ |

****************************************

**મે.પાદરાના એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ:પાદરા.**

ગુ.મુ.નંબર : ૬/૨૦૨૦

આંક :

ફરીયાદી : શ્રી સરકાર

**વિ રૂ ઘ્ધ**

આરોપીઓ : (૧) મગનભાઈ પુંજાભાઈ સોલંકી
(૨) જશોદાબેન W/O મગનભાઈ પુંજાભાઈ સોલંકી
બન્ને હાલ રહેવાસી: સમીચાલા ભીમનાથ મંદીર પાછળ,
આકડીચાપુરા
મુળ રહેવાસી: ભાણપુર, તા. પાદરા,
જી. વડોદરા.

****************************************

ગુનો : ઈ.પી.કો.કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.

****************************************

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એ.પ્રજાપતિ
આરોપી તરફે વિ.વ.શ્રી જી.એસ.પુરોહીત

****************************************

**-:: ઠ રા વ ::-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તારીખ ૨૯. ૧૧.૨૦૧૯ ના રોજ કલાક ૧૪– ૦૦ વાગે મોજે ભાણપુર ગામે લીમડાવાળા ફળીયામાં રહેતા ફરીયાદીના ઘરની પાસે ફરીયાદી તથા સાહેદ રણછોડભાઈ પુંજાભાઈ, સાહેદ વનરાજસિહ અને સહેદ લક્ષ્મીબેનને આરોપી નં. ૧ નાઓને કહેલ કે, તું અમારા ઘરમાંથી નીકળી જા તેમ કહી તેમના હાથમાં લાકડુ લઈ આવેલ હોય ફરીયાદી સાથે તથા સાહેદ રણછોડભાઈ પુંજાભાઈ, સાહેદ વનરાજસિહ અને સહેદ લક્ષ્મીબેન સાથે ઝઘડો તકરકાર કરવા લાગેલ અને આરોપી નં. ૧ નું ઉપરાણું લઈ આરોપી નં. ૨ નાઓ દોડી આવી ફરીયાદી તથા સાહેદોની સાથે બોલાચાલી કરી ઝઘડો તકરાર કરવા લાગેલ તથા આરોપી નં. ૧ નાએ ફરીયાદીને મારવા જતા બાજુમા ખસી જતા ફરીયાદીને ઉપલા હોઠ ઉપર તથા ડાબા હાથ ઉપર લાકડીની ઝાપટ મારી દેતા ઈજા પહોચાડેલ અને. આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી

નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ. જે અંગેની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ વડુ પો.સ્ટેશન ગુ.ર.નં. સેકન્ડ ૨૮૬/૨૦૧૯ અન્વયે ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા આરોપીઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીઓને સમન્સ બજતાં આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૫ થી તહોમતનામુ ઘડી વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ આંક:૦૬ અને આંક– ૦૭ ની પ્લી લગત તેમની વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી ઉપરોકત ગુના સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **મૌખિક પુરાવો...** | | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદી–નયનાબેન વનરાજભાઈ સોલંકી | ૦૮ |
| (૨) | સાહેદ– શીલાબેન ગોપાલભાઈ સોલંકી | ૧૦ |

ફરીયાદપક્ષ તરફે આ સિવાય કોઈ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**દસ્તાવેજી પુરાવો...**

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૦૯ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| (૩) | મુદ્દામાલ રીકવરી પંચનામું | ૧૨ |
| (૪) | ફરીયાદીને થયેલ ઈજા અંગેનું ઈન્જરી સર્ટીફીકેટ | ૧૩ |

(૪) ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયેલાનું આંક:૧૪ ની કલોઝીંગ પુરસીસ આપી જાહેર કરેલ છે. તેમજ ફરીયાદપક્ષે વધુ કોઈ પુરાવો રજુ કરવો નથી તેમ જણાવેલ છે. તેમજ ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો ન હોય, આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. આથી છેલ્લે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.એચ.પ્રજાપતિ તથા આરોપી તરફે વિ.વ.શ્રી જી.એસ.પુરોહીતની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૨૯. ૧૧.૨૦૧૯ ના રોજ કલાક ૧૪– ૦૦ વાગે મોજે ભાણપુર ગામે લીમડાવાળા ફળીયામાં રહેતા ફરીયાદીના ઘરની પાસે ફરીયાદી તથા સાહેદ રણછોડભાઈ પુંજાભાઈ, સાહેદ વનરાજસિહ અને સહેદ લક્ષ્મી બેનને આરોપી નં. ૧ નાઓને કહેલ કે, તું અમારા ઘરમાંથી નીકળી જા તેમ કહી તેમના હાથમાં લાકડુ લઈ આવેલ હોય ફરીયાદી સાથે તથા સાહેદ રણછોડભાઈ પુંજાભાઈ, સાહેદ વનરાજસિહ અને સહેદ લક્ષ્મીબેન સાથે ઝઘડો તકરકાર કરવા લાગેલ અને આરોપી નં. ૧ નું ઉપરાણું લઈ આરોપી નં. ૨ નાઓ દોડી આવી ફરીયાદી તથા સાહેદોની સાથે બોલાચાલી કરી ઝઘડો તકરાર કરવા લાગેલ તથા આરોપી નં. ૧ નાએ ફરીયાદીને મારવા જતા બાજુમા ખસી જતા ફરીયાદીને ઉપલા હોઠ ઉપર તથા ડાબા હાથ ઉપર લાકડીની ઝાપટ મારી દેતા ઈજા પહોચાડેલ અને. આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઈ.પી.કો.કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

<u>–:: કા ર ણો ::–</u>

**<u>મુદ્દા નંબર.૧ અને ૨...</u>**

(૮) સદર કામે ફરીયાદપક્ષે ફરીયાદી નયનાબેન વનરાજભાઈ સોલંકીએ તેમના આંક:૦૮ ના મૌખિક પુરાવામાં સોગંદ ઉપર જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ અગાઉ બનેલો, બનાવ સમયે તેઓ તેમના ઘરે તેમના પતિ જમવા બેસેલ અને તેઓ કામ કરતા હતા ત્યારે તેમના કાકા સસરા મગનભાઈ તથા તેમની પત્ની જશોદાબેન તેમના ઘર પાસે આવેલ અને ઘરમાંથી નીકળવાનું કહેવા

બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી આથી ત્યારે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ જેમાં ધકકામકુકકી થતા પડી જતા તેઓને હોઠ પર સામાન્ય ઈજા થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી, તેમના પતિ તેમને સામાન્યઈજા થયેલ હોઈ ૧૦૮ માં સારવાર માટે દવાખાને લઈ ગયેલા, બનાવ સમયે તેઓએ કોઈના હાથમાં હથીયાર જોયેલ નહી કે કોઈએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી. બનાવ બાબતે તેઓએ ઉશ્કેરાઈ જઈને પોલીસમાં ફરીયાદ આપેલી તેમ જણાવી આંક–૦૯ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.તેમ જણાવી આરોપીઓ તેમના સગા થતા હોવાથી તેઓ ઓળખતા હોવાનું જણાવેલ છે.

આમ, ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ, તેઓને વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

જયારે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવમા બનાવમા સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજુ કાઈ બનેલ નહી, બનાવ સમયે સામાવાળાના હાથમાં કોઈ હથીયાર જોયેલ નહી, તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોઈ તેવુ બનેલ નહી, બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હોઈ ધકકામુકકી થતા પડી જવાથી ઈજા થયેલી, ટોળામાં કોણ શું બોલતુ હતુ, તે તે.ઓને ખબર પડેલ નહી.

(૯) વધુમાં, ફરીયાદપક્ષે સાહેદ શીલાબેન ગોપાલભાઈ સોલંકીને આંક–૧૦ થી તપાસવામાં આવેલછે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, બનાવ આશરે એકાદ વષ અગાઉ બનેલો, બનાવ સમયે તેઓના જુના ઘરે તેમના જેઠ જમવા બેસેલ અને જેઠાણી કામ કરતી હતી ત્યારે તેમના કાકા સસરા મગનભાઈ તથા તેમની પત્ની જશોદાબેન ઘર પાસે આવેલ અને ઘરમાંથી નીકળવાનું કહેવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી, બનાવ સમયે તેઓ પણ ત્યાં ગયેલા ને ત્યારે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ જેમાં ધકકામુકકી થતા પડી જતા તેઓને નયનાબેનને હોઠ ઉપર સામાન્ય ઈજા થયેલી, તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી, તેઓને સામાન્ય ઈજા થયેલ હોઈ ૧૦૮ માં સારવાર માટે દવાખાને લઈ ગયેલા, બનાવ સમયે તેઓએ કોઈના હાથમાં હથીયાર જોયેલ નહી કે કોઈએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી, બનાવ બાબતે તેમના પતિએ પોલીસમાં ફરીયાદ આપેલ, આ અંગે પોલીસે તેઓનું નિવેદન લીધેલ. આરોપીઓના તેમના સગા થતા હોય તેઓ તેમને ઓળખતા હોવાનું જણાવેલ છે.

આમ, સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોઈ, તેઓને વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

જયારે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી બનાવ સમયે સામાવાળાના હાથમાં કોઈ હથીયાર જોયેલ નહી, તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોઈ હોઈ તેવુ બનેલ નહી, બનાવ સમયે લોકોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હોઈ ધકકામુકકી થતા પડી જવાથી ઈજા થયેલ, ટોળામાં કોણ શું બોલતુ હતુ તે તેઓને ખબર પડેલ નહી.

(૧૦) આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર રેકર્ડ ઉપરના પુરાવો ધ્યાને લઈ, ફરીયાદી તથા સાહેદના રેકર્ડ ઉપરના મૌખિક પુરાવાનુ મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી તથા સાહેદને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. આ કામના આરોપીઓએ સાહેદોને માર મારેલ હોય કે ફરીયાદી તથા સાહેદોને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકત આ ફરીયાદી તથા સાહેદ જણાવતા નથી. તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવના દિવસે અને સમયે આ કામના આરોપીઓએ ફરીયાદીને હોઠ ઉપર લાકડાની ઝાપટ મારીં ઈજા પહોચાડેલ અને જતા જતા આ કામના આરોપીઓએ ફરીયાદીને તથા તેની સાથેના સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી હોય તેવી હકીકત ફરીયાદપક્ષ સદર ફરીયાદી તથા સાહેદના પુરાવા થકી પુરવાર કરી શકેલ નથી. આમ, સદર ફરીયાદી તથા સાહેદના પુરાવાથી આંક:૦૯ ની ફરીયાદની હકીકતો નિ:શંકપણે પુરવાર માની શકાય નહી.

(૧૧) વધુમાં, આંક:૧૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, તથા આંક-૧૧ મુદ્દામાલ રીકવરી પંચનામું તથા આંક-૧૨ તથા આંક-૧૩ થી સાહેદ જશોદાબેનના ઈન્જરી સર્ટીફીકેટની નકલ રજુ રાખેલ છે. જે ઉપરોકત તમામ દસ્તાવેજોને બચાવપક્ષની સંમતિથી આંક આપવામાં આવેલ છે. પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર આંક આપવાથી કોઈપણ દસ્તાવેજોના કંન્ટેઈન્સ પુરવાર થતા નથી. આમ ફરીયાદપક્ષના મહત્વના સાહેદ કે જેઓ આ કામના ફરીયાદી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદ જશોદાબેન છે તેઓએ તેમના પુરાવામાં આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ અને આરોપીઓના હાથમાં કોઈ હથીયાર નહી જોયેલ હોવાની હકીકત જણાવેલ છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામે ઈ.પી.કો.કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાના આવશ્યક તત્વો

નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છુ.

**-:: હુકમ ::-**

આ કામના આરોપી નં. (૧) મગનભાઈ પુંજાભાઈ સોલંકી ,(૨) જશોદાબેન W/O મગનભાઈ પુંજાભાઈ સોલંકી બન્ને હાલ રહેવાસી: સમીયાલા ભીમનાથ મંદીર પાછળ,આકડીયાપુરા,મુળ રહેવાસી: ભાણપુર, તા. પાદરા,જી. વડોદરાનાઓને ક્રિમી. પ્રોસી . કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમી.પ્રોસી.કોડની કલમ : ૪૩૭ (એ) અન્વયે અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે પ્રત્યેક આરોપીએ રૂા.૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ના છ માસની મુદત માટેના જામીન રજુ કરવા.

આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ત્રેવીસમી, માહે ડીસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૩/૧૨/૨૦૨૧. **(કુમારી રહીશાબાનુ એહમદખાન નાગોરી)**
પાદરા. એડીશનલ જયુડી.મેજી.ફ.ક.,પાદરા.
IGS કોડ નં.જી.જે.૦૦૭૨૨.